# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 09-12-2025 Day: Tuesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## રાષ્ટ્રીય હસ્તકલા પુરસ્કારો:

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ નવી દિલ્હીમાં 2023 અને 2024 માટે રાષ્ટ્રીય હસ્તકલા પુરસ્કારો એનાયત કર્યા.

આ પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય પુરસ્કારો અસાધારણ કલાત્મક નિપુણતા અને ભારતના સમૃદ્ધ અને વૈવિધ્યસભર હસ્તકલા વારસાને જાળવવા અને પ્રોત્સાહન આપવા માટે પ્રદાન કરવામાં આવે છે.

2023 અને 2024 માટે કુલ 12 કારીગરોને શિલ્પ ગુરુ પુરસ્કારો મળ્યા, જ્યારે 36 કારીગરોને બંને વર્ષ માટે રાષ્ટ્રીય પુરસ્કારો આપવામાં આવ્યા હતા.

કચ્છી બાંધણીના કારીગર ગુલામ હુસૈન ઉમર ખત્રીએ શિલ્પ ગુરુ એવોર્ડ 2023 પ્રાપ્ત થતા તેમણે ખુશી વ્યક્ત કરી હતી. આકાશવાણી સાથે વાતચીત કરતા તેમણે કહ્યું કે, 35 વર્ષના સમર્પણ સાથે, તેઓ આ પરંપરાગત કળાને આગળ ધપાવવાની સાથે નવા કારીગરોને પણ તૈયાર કરી રહ્યા છે.

(બાઈટ... ગુલામ હુસૈન ઉમર ખત્રી)

---------------------------------------------------------------------------------------------

## મતદારયાદી ખાસ સુધારણા ઝુંબેશ:

મતદાર યાદી ખાસ સુધારણા ઝુંબેશ - SIRના ગણતરીના તબક્કામાં રાજ્યમાં 99.76 ટકા કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. રાજ્યભરમાં અંદાજે 5 કરોડ મતદારોને ગણતરી ફોર્મના

વિતરણથી માંડી તેના ડિજીટાઈઝેશનની કામગીરી મિશન મોડ પર કરવામાં આવી છે. આ દરમિયાન કુલ 74 લાખથી વધુ ગણતરી ફોર્મ પરત જમા કરવાના બાકી છે. જ્યારે 33 જિલ્લાઓમાં 4.21 લાખથી વધુ સિનિયર સિટીઝન મતદારોની ઓળખ, 11.58 લાખથી વધુ ડેમોગ્રાફિકલી સિમિલર એન્ટ્રી - DSEની ચકાસણી કરાશે.

દરમ્યાન સરહદી કચ્છ જીલ્લામાં પણ મતદાર યાદી ખાસ સુધારણા ઝુંબેશ હેઠળ કામગીરી ચાલી રહી છે. માંડવીમાં BLOના સહાયક તરીકે ગણતરી ફોર્મની ઓનલાઇન એન્ટ્રીની કામગીરી કરી રહેલ દીપક મોતાએ પોતાનો અનુભવ આ રીતે વર્ણવ્યો હતો.

(બાઈટ... દીપક મોતા)

અબડાસા તાલુકાના ડુમરા ગામના મતદાર સાલેમામદ ખલીફાએ જેમના ગણતરી ફોર્મ ભરવાના બાકી હોય તે મતદારોએ સત્વરે ફોર્મ ભરીને BLOને જમા કરી નાગરિકધર્મ નિભાવવાની અપીલ કરી હતી.

(બાઈટ... સાલેમામદ ખલીફા)

---

## લખપત તાલુકા પંચાયતની સામાન્ય સભા:

લખપત તાલુકાના દયાપર ખાતે તાલુકા પંચાયતની સામાન્ય સભા યોજાઈ હતી. આ સભામાં 15મા નાણાપંચ અંતર્ગત તાલુકામાં હાથ ધરાયેલા વિવિધ વિકાસલક્ષી યોજનાઓના કામોની સમીક્ષા કરવામાં આવી હતી.

---

## ભુજમાં હેરીટેજ વોક:

ભુજના ઐતિહાસિક સ્મારકોને જાણવાની સાથે શહેરના પ્રાણસમા પ્રશ્નો પર યુવાનોની ભાગીદારી વધે તે હેતુથી “અનોખો યુવામંચ” દ્વારા હેરિટેજ વોકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૪૦થી વધુ યુવાનો જોડાયા હતા.

વોકના અંતે રામકુંડ ખાતે એકત્ર થયેલા યુવાનો સાથે પાણી, પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ અને ઘન કચરા વિશે ચર્ચા કરવામાં આવી હતી.

---

## પોસ્ટ મેટ્રિક શિષ્યવૃતિ:

પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના' અંતર્ગત ગુજરાતમાં વર્ષ 2021થી 2025 સુધી છેલ્લા પાંચ વર્ષમાં કુલ 11 લાખથી વધુ વિદ્યાર્થીઓને  બે હજાર 470 કરોડથી વધુની શિષ્યવૃત્તિ સહાયનો લાભ આપવામાં આવ્યો છે.

આ યોજના હેઠળ રાજ્યમાં ચાલુ વર્ષ 2025-26 માટે ઓનલાઈન પોર્ટલ પર મળેલી અરજીઓ તેમજ અગાઉની પડતર અરજીઓ પૈકી એક લાખ 13 હજાર  કરતાં વધુ વિદ્યાર્થીઓને 460 કરોડ રૂપિયાની સહાય આપવામાં આવશે. આ સહાય વિદ્યાર્થીઓના બેંક એકાઉન્ટમાં સીધા જમા કરવામાં આવશે.

---

## ક્રિકેટ:

ક્રિકેટમાં, ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે પાંચ મેચની T20 શ્રેણીનો આજથી પ્રારંભ થશે.

આજની મેચ ઓડિશાના કટકના બારાબતી સ્ટેડિયમમાં સાંજે 7 વાગ્યે શરુ થશે. દરમિયાન, કેપ્ટન સૂર્યકુમાર યાદવે જણાવ્યું છે  કે હાર્દિક પંડ્યા અને શુભમન ગિલ બંને ઈજા પછી શ્રેણીમાં પાછા ફરવા માટે તૈયાર છે.

---